Peer-Reviewed Journal ISSN : 2278 – 5639
Global Online Electronic International Interdisciplinary Research Journal (GOEIIRJ)
{ Bi-Monthly} Volume-I, Issue-II August 2012

# માધ્યમિક શાળામાં સામાજિક વિજ્ઞાન વિષયમાં નાટ્ય કરણ પદ્ધતિ ની અસરકારકતા

અરુણ એન ટંડેલ
શ્રીમતી પી. એન પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન,
ઉમરાખ

પ્રાસ્તાવિક

કોઈપણ રાષ્ટ્ર ની પ્રગતિનો આધાર તે રાષ્ટ્રની શિક્ષણ પ્રણાલી તેમજ શિક્ષણની ગુણવત્તા પર હોય છે. શિક્ષણકાર્ય ગુણવત્તાસભર અને રસપ્રદ હોવું ખૂબ આવશ્યક છે. વળી વિધ્યાર્થીઓ વિષયવસ્તુ પ્રત્યે સંવેદન શીલ બને એ ખૂબજ આવશ્યક છે, કારણ કે શિક્ષણ શ્રેષ્ટ નાગરિકો તૈયાર કરી શકે.

વિષ્યવસ્તુમાં સમાવિષ્ટ આદર્શો, મૂલ્યો, સિદ્ધાંતો પ્રત્યે વિધ્યાર્થીઓ સંવેદનશીલ બને અને અપનાવે એ આવશ્યક છે. વિષયવસ્તુ વિધ્યાર્થીઓના માનસિક ક્ષેત્રને સ્પર્શવું જોઈએ. જે તંદુરાષ્ટ સમાજના નિર્માણની પ્રક્રિયામાં સહાયભૂત બને . શ્રેષ્ઠ સમાજ નિર્માણ ની પ્રક્રિયામાં જુદી જુદી નાટક મંડળીઓ, સાહિત્ય અકાદમી દ્વારા થતાં નાટકો અને ફિલ્મોએ ઘેરી છાપ ઊભી કરી છે. જો નટકોને શિક્ષણમાં જોડવામાં આવે તો ભવિષ્યમાં અધ્યયન અધ્યાપનની પરિસ્થિતિમાં ધરમૂળથી ફેરફાર થશે. આ માટે જ પ્રસ્તુત સંશોધનમાં શિક્ષણમાં નાટ્યકરણ ની અસરકારકતા તપાસવાનો પ્રયત્ન હાથ ધરવામાં આવ્યો છે.

**સંશોધનના હેતુઓ**

1) ધોરણ -8 ના સામાજિક વિજ્ઞાન વિષયમાં પસંદિત એકમો પર એકાંકી આલેખનની રચના કરવી.
2) સામાજિક વિજ્ઞાન વિષયમાં નાટ્યકરણ પદ્ધતિની અસરકારકતા તપાસવી
3) સામાજિક વિજ્ઞાન વિષયવસ્તુ માટે નાટ્યકરણ પદ્ધતિ અંગે વિધ્યાર્થીઓના અભિપ્રાયો મેળવવા.

**નમૂનો**

નમૂનાની પસંદગી માટે પ્રથમ સુરત જિલ્લામાં આવેલ માધ્યમિક શાળાઓની યાદી બનાવવાં આવી. પ્રયોગવિધિની અનુકૂળતાને ધ્યાનમાં લઈ ગામ અને શહેરી વિસ્તારની એક એક શાળાની સહેતુક પસંદગી કરવામાં આવી હતી બંને શાળામાં સ્તરીકુટ યાદચ્છિક પદ્ધતિથી વિધ્યાર્થીઓની

વહેંચણી કરી પ્રાયોગિક અને નિયંત્રિત જુથ બનાવ્યા જે પૂર્વ સિદ્ધિ પર સમકક્ષ હતાં. નમૂના તરીકે કુલ 240 વિધ્યાર્થીઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

**સંશોધન ના ઉપકરણો**

પ્રસ્તુત સંશોધન માટે સંશોધકે પસંદ કરેલ અને રેચલ જે ઉપકરણોનો ઉપયોગ કર્યો તે આ મુજબ હતા

1) આલેખન ( સંવાદ લેખન )
2) ઉત્તર કસોટી
3) અભિપ્રાયાવલિ

**સંશોધન યોજના**

પ્રસ્તુત સંશોધનમાં નાટ્યકરણ પદ્ધતિ થી અધ્યયન કરતાં વિધ્યાર્થીઓની સિદ્ધિ સાથે પ્રણાલિકાગત પદ્ધતિ થી અધ્યયન કરતાં વિધ્યાર્થીઓની સિદ્ધિની તુલના કરવામાં આવી છે. નાટ્યકરણ પદ્ધતિ ની અસરકારકતાનો આભાએ કરવા માટે માત્ર ઉત્તરકસોટી નિયંત્રિત જુથ યોજના પસંદ કરવામાં આવી હતી.

**માહિતી નું પૃથ્હકરણ**

માહિતી એકત્રિત કર્યા પછીનું સોપાન માહિતીનું પૃથકરણ કરવાનું છે. પ્રસ્તુત સંશોધન માં ધોરણ 8 ના વિધ્યાર્થીઓને અંગ્રેજોનો ભારત પર વિજય કુદરતી સંશધનો અને વૈશ્વિક સમસ્યાઓ એકમ માટે નટકોની રચના બાદ પદ્ધતિ ની અસરકારકતા તપાસવા માટે ટી કસોટીનો અને વિચરણ પૃથકરણ નો ઉપયોગ થયો હતો.

તારણો

1) ગામ અને શહેરી વિસ્તાર માં નાટકો દ્વારા શિક્ષણની અસરકારકતા એક સમાન રહી હતી
2) નાટ્ય દ્વારા શિક્ષણ ની રજૂઆત વિધ્યાર્થી ઑને રસપ્રદ લાગી
3) નાટકો દ્વારા શિક્ષણ મેળવવાનો અનુભવ એમના માટે પહેલો હતો
4) સંવાદો દ્વારા સંકલ્પનાઓ નું સ્પષ્ટીકરણ સરળ અને યોગ્ય લાગ્યું
5) શિક્ષકની મદદ વગર માત્ર નાટકો નિહાળી સ્વ અધ્યયન કરી શક્યા.

**સંદર્ભ**

1. ઉચાટ ડી. એ (1992) વિચરણ પૃથકરણ, રાજકોટ : યુનિવર્સિટી ગુજરાત

2. ઠક્કર સી, (1995) લેખકથી પ્રેક્ષક સુધી, નવભારત સાહિત્ય મંદિર અમદાવાદ